**અલકેશ અતિ ધનવાનની પુત્રી માર્દવીને પરણ્યો. પણ ધનવાનની પુત્રી એની આગવી જીવનચર્યા અને ખાણીપીણી અને સૌથી વિશેષ તો સમૃદ્ધિને બળે અતિશય વજનદાર બની ગઈ! નબળા મનના અલકેશે નવયુવાન સાથ શોધ્યો. માર્દવીએ એને આવુંકરતાં બહુ વાર્યો. પરંતુ અલેકશ પતનને માર્ગથી પાછો ન વળ્યો... જો તું એ છોકરીને મળવાની કાલથી ના નહિ કહી દે તો...**

# આ કદરૂપ નારી પ્રતિ અનુકંપાથી એનું હૃદય ઘડીભર દ્રવી ગયું

## કાર એક ઈમ્પોર્ટેડ-2

રહસ્ય ચક્ર
★ યશવંત મહેતા

માર્દવી ગેરેજમાંથી પાછી આવી ત્યારે એના ચહેરા પર જ ખાતરી જાણે મોટે અક્ષણરે લખેલી હતી.

'અલકેશ! તું ગમે તેટલુ જૂઠાણું ચલાવે, મારાથી આ વાત છુપાવી શકીશ નહિ. બોલ, કોણ છે એ કમજાત? કોણ મારા હાથમાંથી મારા પતિને ઝૂંટવવા ઊભી થઇ છે?'

અને પછી વાઘણની જેમ રસોડામાં ધસી જઇને એ મોટી છરી લઇ આવી. બ્રેડની સ્લાઇસ કરવા માટેની એ લાંબી છરી હતી. ઝનૂનથી અલકેશ ભણી ધસી જતાં એણે કહ્યું, 'જો, અલકેશ! આ છરીની તારા રાઇ રાઇ જેવડા ટુકડા કરી નાખીશ, જો તું એ છોકરીને કાલથી મળવાની ના નહિ પાડી દે તો!'

પછી લાગણીના ઘોડાપૂરમાં તણાતી એ બિચારીએ છરી ફગાવી દીધી. આંખોમાં આંસુ ભરીને કહ્યું, 'અલકેશ! યાદ કર એ દિવસો જ્યારે હું પણ જુવાન હતી. ખૂબસૂરત હતી. તું મને ઘડી કેય અળગી ન કરતો. પણ હું જાણું છું કે હવે આ દેહ અગાઉ જેવો નથી. હવે તું મને પ્રેમ નથી કરતો એનીય મને ખબર છે, પણ હું તારો પ્રેમ નથી ચાહતી. એટલું જ ઇચ્છું છુંકે મને અભાગણીને એકલી ન છોડીશ. મેં તને શું નથી આપ્યું? પ્રેમ, આનંદ, દોલત, સાહસ... બધું આપ્યું છે. બદલામાં ફક્ત તારો સાથ માગું છું. સદ્ભાવના માગું છું. બોલ, બોલ, અલકેશ! કાલે તું એ છોકરીને નહિ મળવાનું કહી દઇશને?'

અલકેશ મૂંઝાઇ ગયો. ઢગલો થઇને ઢળી પડેલી આ કદરૂપી નારી પ્રતિ અનુકંપાથી એનું હૃદય ઘડીભર દ્રવી ગયું. એ પોતાના ગુનાની કબૂલાત કરવાની અને વચન આપવાની અણી પર હતો, પણ ત્યાં જ પેલું ગણતરીબાજ ભેજું તંગ બન્યું. વિચાર્યું: માર્દવીને આમ જ દુ:ખી થવા દેવી જોઇએ. આમને આમ જ કદીક એનું હૃદય બંધ...

એ બોલ્યો, 'તારો આ ભ્રમ છે, માર્દવી. હું કોઇ છોકરીને મળતો નથી. કદાચ તને મોટર માંથી લાંબો વાળ મળી ગયો હશે. તેથી જ તું શંકા કરે છે.'

'ના, અલકેશ, હું શંકા નથી કરતી. ખાતરીથી કહું છું.' અને વિશેષ બોલવાના હોંશ ન રહેતાં એ પોંકે પોંકે રડતી પલંગમાં પડી ગઇ. અલકેશ ઘણી વાર સુધી એનાં હીબકાં સાંભળતો રહ્યો. પછી પોતે પણ સૂઇ ગયો અને ઊંઘી ગયો.

બીજે દિવસે બુધવાર હતો. સવારે નીકળીને એ સીધો ઓટોમોબાઇલ ગેરેજ પર ગયો. વાયરિંગમાં કશીક ગરબડ થઇ હોવાની શંકા કરીને એણે આખું વાયરિંગ ખોલાવ્યું. કોઇ વાયરને છેડે ટેપરેકોર્ડર કે એવું કોઇ સાધન જણાયું નહિ. એને સંતોષ થઇ ગયો. આનંદના પ્રદર્શનરૂપે એ સાંજે માર્દવીને ફરવા પણ લઇ ગયો. માર્દવી સીટ બેલ્ટ બરાબર ફિટ કરીને બેઠી. અલકેશ મલકાયો. ગચિયું ઢળી પડવાની ચિંતા કરે છે?

ગુરુવારે સાત વાગે એ રક્ષાને મળ્યો ત્યારે બસ સ્ટેન્ડ પર સામે જઇને કહ્યું, 'રક્ષા! ગાડીમાં હોઇએ ત્યારે તારે અક્ષરેય બોલવાનો નથી. ઊંહકારો પણ નહિ!'

રક્ષાને આ ભયમિશ્રિત અને અતિ સાવચેત પ્રેમ પદ્ધતિ ગમતી નહોતી, પણ આટલે સુધી આગળ વધી ગયા પછી પાછા વળવું પણ અશક્ય હતું. વળી, અલકેશનો પ્રેમ ખરેખરો હતો. એના સામાં રક્ષા નવી જ દુનિયામાં વિહાર કરતી.

એ સાંજે વળી અલકેશ પત્ની દ્રોહ કર્યો. લગ્નના વફાદારીના વચનનો ભંગ કર્યો. પણ એ દરમિયાન પણ એના મનનો એક અંશ કહેતો હતો કે રક્ષા જ મારા આત્માની જનમોજનમની સાથી છે.

જો કે એમ છતાં, એ વધુ વખત ગમ્મત કરી ન શક્યો. સાડા નવેક વાગે બંને પાછાં ફરી ગયાં. બસ સ્ટેન્ડ પાસે રક્ષાને ઉતારીને આવતા અઠવાડિયાની મુલાકાત નક્કી કરીને એ ઘેર આવ્યો. વળતે માર્ગે પણ એણે રક્ષાને ચૂપચાપ રહેવાની તાકીદ કરી હતી. એટલે એને ખાતરી હતી કે માર્દવીના છૂપા રેકોર્ડર પર કોઇ સ્ત્રી સ્વર અંકિત નહિ જ થયો હોય. અને એ ગેરેજમાં જઇને ગમે તેટલી તપાસ કરે છતાં આજે એને કોઇ અવાજ, કોઇ પણ પુરાવો નહિ મળે.

ઘરમાં આવીને નિશ્ચિત મને કપડાંબદલીને એ બાથરૂમમાં ચાલ્યો. માર્દવી એને કશુંક પૂછવા જતી હતી, પણ એને ટાળી દીધી. માર્દવીની જાસૂસી યુક્તિને પોતે નાકામયાબ કરી દીધાના ઉમંગથી એ સાંજે ખુશખુશાલ હતો. બાથરૂમમાં પણ એ લહેરથી સીટી બજાવી રહ્યો હતો અને માર્દવી મોટરગાડીમાં કોઇ સ્ત્રી સ્વર ન સાંભળતાં કેવી ભોંઠી પડશે એનો વિચાર કરી રહ્યો હતો.


અચાનક જ બારણા પર જોરદાર ટકોરા પડ્યા. 'અરે, શું લાય લાગી છે તારા ઘરમાં?' અલકેશે અકળાઇને ત્રાડ પાડી. પણ બારણું ઉઘાડતાં જ એ થીજી ગયો. ગત ગુરુવારની રાત કરતાંય વધુ રૌદ્ર સ્વરૂપે માર્દવી ત્યાં ઊભી હતી. આજે એના ચહેરાનો એક એક માંસલ સ્નાયુ કોઇ ભયાનક રીતે વિકૃત બની ગયો હતો. આંખો તો ભડભડ બળતી બે મશાલો જેવી જણાતી હતી.

'અલકેશ! મારી આજીજીને તેં ઠોકરે મારી? મારી વેદનાને તેં ના પિછાણી? આજે પણ... આજે પણ તું એ શે... વેશ્યાની સાથે બહાર ગયો જ!'

'પણ માર્દવી?' અલેકશનો અવાજ ફાટી જવાની અણી પર હતો.' 'માર્દવી... તેં કેવી રીતે જાણ્યું કે-'

પણ માર્દવીએ તેનું વાક્ય પૂરું થવા જ ન દીધું. ઘોર અન્યાય પામેલી એ અભાગણીએ પતિના પેટમાં લાંબી છરી ભોંકી જ દીધી?

એક તીણી ચીસ પાડીને અલકેશ બાથરૂમની ફર્શ પર પછડાઇ ગયો. કાળી વેદના અને આઘાતથી એ મૂઢ બની ગયો. પોતાના મરતા ડોળા ફાડીફાડીને એ માર્દવીના દુર્ગા સ્વરૂપને તાકી રહ્યો. માર્દવીએ નીચા નમીને પેલી છરીનો હાથો પોતાની સાડી વડે ઘણી ઘસીને લૂછયો. પછી અલકેશના જ બંને હાથ ઉપાડીને એ છરીના હાથા પર ભીડી દીધા. આ ક્રિયા પણ મરતો અલકેશ અવશ બનીને જોતો રહ્યો. આ છેલ્લી ક્રિયા માર્દવીએ એવું દર્શાવવા માટે કરી હતી કે અલકેશે આપઘાત કર્યો છે એ જણાય.




ઘણી વાર સુધી મરતો અલકેશ માર્દવી સામે આમ જ તાકી રહ્યો. એના ડૂબી રહેલા મસ્તકનો આખરી પ્રશ્ન એક જ હતો: માર્દવીએ કેવી રીતે પકડી પાડયું કે આજે પણ રક્ષા મારી સાથે હતી.'

(વાચક મિત્રો! માર્દવી એકલી જ બુદ્ધિમતી નથી. આપ પણ અલકેશના પ્રશ્નનો ઉત્તર વિચારો. પછી આગળ વાંચો.)

માર્દવી ઊભી થઇ. એણે ગેરેજમાં જઇને સીટ બેલ્ટ ખોલ્યો. દરરોજ એ સીટ બેલ્ટને પોતાના દેહના પ્રમાણમાં પહોળો કરી દેતી હતી. પણ રક્ષા કુદરતી રીતે જ, કશાં ટીકાટિપ્પણ વિના એને પોતાના દેહને માફક આવે એમ ટૂંકાવી દેતી હતી. જે ચીજનો પોતાને કશો ઉપયોગ નહોતો એ તરફ અલકેશનું ધ્યાન જ ક્યાંથી જાય! પણ માર્દવી માટે એક પાતળી, નમણી, જુવાન નારીની એ મોટરમાં હાજરીની એ સાબિતી હતી.

**બીજે દિવસે બુધવાર હતો. સવારે નીકળીને એ સીધો ઓટોમોબાઇલ ગેરેજ પર ગયો. વાયરિંગમાં કશીક ગરબડ થઇ હોવાની શંકા કરીને એણે આખું વાયરિંગ ખોલાવ્યું. કોઇ વાયરને છેડે ટેપરેકોર્ડર કે એવું કોઇ સાધન જણાયું નહિ. એને સંતોષ થઇ ગયો. આનંદના પ્રદર્શનરૂપે એ સાંજે માર્દવીને ફરવા પણ લઇ ગયો. માર્દવી સીટ બેલ્ટ બરાબર ફિટ કરીને બેઠી. અલકેશ મલકાયો. ગચિયું ઢળી પડવાની ચિંતા કરે છે?**